# ડીસામાં શ્રી રાજેન્દ્ર જૈન તરુણ પરિષદ દ્વારા પક્ષી બચાવો અભિયાનનો પ્રારંભ

## ઘાયલ પક્ષીઓને તાત્કાલિક સારવાર માટે હેલ્પલાઇન શરૂ





ડીસા, તા. ૧૩

ઉત્તરાયણ પર્વમાં પંતગના દોરાથી ઘાયલ પક્ષીઓની સારવાર -સુશ્રુષા માટે રાજય સરકાર દ્વારા આગામી તા.૧૦ થી ૨૦ મી જાન્યુઆરી- ૨૦૨૨ દરિમ્યાન કરૂણા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે ત્યારે આ અભિયાનને સફળ બનાવવા બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક તરીકે ઓળખાતા ડીસા શહેરમાં પણ ઠેર ઠેર પક્ષી બચાવો અભિયાન શરૂ કરવામાં આવ્યા છે. જે અંતર્ગત આજે છેલ્લા ૧૨ વર્ષથી

ઉત્તરાયણ પર્વ દરિમ્યાન અબોલ પક્ષીઓને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે ડીસા શહેરમાં અખિલ ભારતીય શ્રી રાજેન્દ્ર જૈન તરૂણ પરિષદ દ્વારા પક્ષી બચાવો મહા અભિયાનનો પ્રારંભ કર્યો છે. જે મહા અભિયાન શહેરના હાર્દસમા મામલતદાર વિસ્તારમાં શરૂ કરવામાં આવ્યું છે જેમાં જીવદયા પ્રેમી સ્વૈચ્છિક સંસ્થાઓ,એન.જી.ઓ,પશુપાલન,નગર પાલિકા,શિક્ષણ વિભાગના સહયોગથી સુદઢ આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે જેમાં વીજળીના તારમાં ફસાયેલ દોરી/પતંગ દૂર કરવા યુ.જી.વી.સી.એલ વિભાગ ઉપરાંત કરૂણા અભિયાન દરિમ્યાન ઘાયલ થયેલ પક્ષીઓની સારવાર માટે વેટરનરી ડોકટરની મદદથી ઘાયલ થયેલા, ફસાયેલા પક્ષીઓની સારવાર અને બચાવવા માટે તરૂણ પરિષદ દ્વારા ફરજ સોંપાઈ છે જેમાં વધુમાં વધુ સ્વયંસેવકો જોડાયા છે

કલેકટર દ્વારા ચાઈનીઝ દોરીના ઉપયોગ અને વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે તેનો ચુસ્ત અમલ થાય તે માટે નગર પાલિકા, વન વિભાગ અને પોલીસના સહયોગથી સઘન કાર્યવાહી કરવામાં આવે તેવી સુચના આપી વધુમાં યુવાનો અને બાળકોના પંતગ ઉડાવવાના ઉત્સાહમાં ઉતરાયણ પર્વે આકાશમાં મુકતપણે વિહાર કરતા પક્ષીઓ દોરીથી ધાયલ થવાના તેમજ મૃત્યુ પામવાના અનેક બનાવો બનતા હોય છે તેવા સમયે હેલ્પલાઈન નંબરો ૭૬૦૦૩૮૧૩૧૮, ૭૦૪૧૦૦૦૦૯૬ પર કોલ કરીને વધુમાં વધુ પક્ષીઓને બચાવવાનો અનુરોધ કર્યો હતો આ અભિયાન ૧૩થી ૧૫ જાન્યુઆરી સુધી ચાલુ રહેશે.

# ડીસામાં કોરોનાનો બોમ્બ ફાટ્યો : એક જ દિવસમાં સબ જેલના ૧૫ કેદી પોઝીટિવ આવતા હડકંપ

## ડીસામાં કોરોના પોઝિટિવ કેસોએ અડધી સદી વટાવી દીધી

ડીસા, તા. ૧૩

ડીસા સહિત સમગ્ર જિલ્લામાં કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે.જેથી ડીસામાં પણ પ્રતિદિન બે થી ત્રણ કોરોનાના કેસ સામે આવતા હતા પરંતુ ગુરુવારે ડીસા સબ જેલના ૧૫ કેદી એક સાથે કોરોના પોઝીટિવ આવતા હડકમ્પ મચી જવા પામ્યો છે.




વેપારી મથક એવા ડીસા મામલતદાર કચેરીના કમ્પાઉન્ડમાં આવેલ સબ જેલમાં કાચા કામના કેદીઓને રાખવામાં આવે છે. જો કે આ તમામ કેદીઓને સામાન્ય તાવ અને શરદી જેવા લક્ષણો જણાઈ આવતા જેલ અધિકારી દ્વારા આ બાબતે આરોગ્ય વિભાગને જાણ કરવા આવી હતી. જેના પગલે ગુરુવારે આરોગ્ય વિભાગની ટિમ સબ જેલ પહોંચી હતી અને તમામ કેદીઓના ટેસ્ટ કરવામાં આવતા તમામ ૧૫ કેદીઓને કોરોના પોઝીટિવ આવ્યો હતો.જેના પગલે દોડધામ મચી જવા પામી હતી. ડીસામાં અત્યાર સુધી ૪૦ જેટલા કોરોના પોઝીટિવ કેસ હતા અને ગુરુવારે વધુ ૧૫ કેદી પોઝીટિવ આવતા કોરોના પોઝીટિવ કેસની સંખ્યાં ૫૫ ઉપર પહોંચી જવા પામી છે.

### કેદીઓના સંપર્કમાં આવેલા પોલીસ કર્મીઓના સેમ્પલ લેવાયા

આ બાબતે તાલુકા હેલ્થ ઓફિસર કે. પી. દેલવાડિયાનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે હાલ તો આ તમામ કેદીઓની સારવાર શરૂ કરવામાં આવી છે. અને આ કેદીઓના સંપર્કમાં આવેલ પોલીસ કર્મીઓના પણ સેમ્પલ લઈ તપાસ અર્થે મોકલી આપ્યા છે.

# જન્મદિને વધામણી



દર્શન ગોટી
ભાવનગર



રજની વ્યાસ
મહાવીર નગર,
હિંમતનગર



પરેશભાઇ ભટ્ટ
મહાવીર નગર,
હિંમતનગર



ધ્રુવીલ કૈલાશચંદ્ર લોધા
ડીસા,
મો. ૯૯૭૪૬ ૯૦૬૩૬

# ભિલોડા કોટેજ હોસ્પિટલનું બિલ્ડીંગ જર્જરિત અવસ્થામાં સત્વરે નવિન બનાવવા સંદર્ભે લેખિત રજૂઆત

ભિલોડા,તા.૧૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે કોટેજ હોસ્પિટલનું વર્ષો જુનું બિલ્ડીંગ જર્જરિત અવસ્થા હોય સત્વરે નવિન બનાવવા સંદર્ભે ભિલોડા તાલુકા બી.ટી.પી ઉપ પ્રમુખ પરાગ એમ.ભગોરા દ્વારા લેખિત પત્ર મારફતે ગુજરાત રાજ્ય સરકારના મંત્રીઓ ને રજૂઆત કરાઈ છે.

ભિલોડા કોટેજ હોસ્પિટલનું બાંધકામ વર્ષ - ૧૯૬૫ નું એટલે કે ૫૬ વર્ષ પહેલાનું છે. બિલ્ડીંગનું સ્ટ્રકચરની કંડમ હાલત છે.બિલ્ડીંગ જર્જરિત અવસ્થામાં હોય ગમે ત્યારે પડી જવાના અંતિમ તબક્કામાં છે. ગ્રાઉન્ડ ફ્લોર પર અમુક જગ્યાએ બેસી ગયેલ છે.બિલ્ડીંગની ફરતે પ્લીન્થ પ્રોટેકશન નહિ હોવાથી દિવાલમાં પાણી ઉતારવાથી દિવાલો ભેજવાળી થયેલ છે.દિવાલોમાં પોપડા ઉખડી ગયેલ છે.ધાબાનું વોટરપ્રુફીંગ તૂટી ગયેલ છે તેના કારણે પાણી લીકેજ થાય છે.ઈ.ઝ.ઝ છતમાં તિરાળો પડેલ છે ત્યારે ઘણી જગ્યાએ ધાબાના સળીયા કટાઈ ગયા છે.હવાના ભેજના કારણે ૭૦ % સળિયા કટાઈ ગયા છે જે રીપેબલ નથી,બિલ્ડીંગની ડિઝાઈનનું આયુષ્ય મર્યાદા પૂરી થયેલ છે.સ્ટ્રકચર કન્સલ્ટન્ટના અભિપ્રાય અનુસાર કોટેજ હોસ્પિટલ બિલ્ડીંગનો વપરાશ પબ્લિક ઉપયોગ માટે હિતકારક નથી બિલ્ડીંગ ને રીપેરીંગ કરવા કરતા નવું બાંધકામ વહેલી તકે કરવું હિતાવહ છે.કોટેજ હોસ્પિટલના સ્ટાફ ક્વાટર્સો વર્ષો જુના જર્જરિત હાલતમાં છે તે તોડી પાડી તાત્કાલિક ધોરણે નવિન બાંધકામ કરવું આવશ્યક છે. અરવલ્લી જીલ્લામાં મોટા માં મોટો ભિલોડા તાલુકો ટ્રાઈબલ વસ્તીનો બહુમતી ધરાવતો વિસ્તાર છે એટલે પછાત,નબળા અને પીડિત સમાજના પ્રજાજનોના સર્વાંગી હિત માટે મળતી આવશ્યક સરકારી સગવડો સારી રીતે મળે તેવો આગ્રહ છે.તાત્કાલિક ધોરણે ન્યાયિક કાર્યવાહી સત્વરે રાજય સરકાર દ્વારા કરાવવામાં નહીં આવે તો સત્યાગ્રહ કરવો પડશે તેમ જણાવ્યું હતું.

# પ્રાંતિજ સહિત તાલુકામાં વિજ ચેકીંગ સીલસીલો યથાવત: વિજ ચોરી પકડાવાનો સીલસીલો પણ યથાવત....

**પ્રાંતિજ તથા તાલુકામાંથી પ્રાંતિજ-હિંમતનગર વિજ કંપનીના દરોડા : સાડાત્રણ લાખ ની વિજ ચોરી ઝડપાઇ : મકાન, દુકાનો, બોર કુવા સહિત ૮૦૦ કનેક્શન ચેક કરવામા આવ્યા : પ્રાંતિજમાં બે વીજ ચોરી તો તાલુકામાથી દશ જગ્યાએ થી વિજ ચોરી ઝડપાઇ : ઉપરા ઉપરી વીજ ચેકીંગ થી વીજ ચોરી કરતા લોકોમાં ભંયનો માહોલ**

પ્રાંતિજ તા.૧૩

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તથા તાલુકા મા વહેલી સવારે પ્રાંતિજ-હિંમતનગર ની વીજ ટીમો દ્વારા વીજ ચેકીંગ હાથ ધરાતા પ્રાંતિજ સહિત તાલુકામાંથી ૧૨ જગ્યાએ થી કુલ સાડા ત્રણ લાખ ની વિજ ચોરી ઝડપાઈ હતી તો પ્રાંતિજ માંથી બે જગ્યાએ થી અને તાલુકા માંથી ૧૦ જગ્યાએ થી વીજ ચોરી ઝડપાઈ.

પ્રાંતિજ ખાતે કાર્યરત વીજ કંપની તથા હિંમતનગર વીજ કંપની દ્વારા પ્રાંતિજ સહિત તાલુકા મા થઈ રહેલી વીજ ચોરી ઝડપી પાડવા સાત ટીમો બનાવવામા આવી હતી જેમા પ્રાંતિજ ની એક ટીમ તથા હિંમતનગર ની છ ટીમ મળી ને પ્રાંતિજ અને તાલુકામા સાતેય ટીમો દ્વારા વીજ ચેકીંગ હાથ ધરાઈ હતી જેમા પ્રાંતિજ માંથી બે જગ્યાએથી વીજ ચોરી ઝડપી પાડી હતી અને વીજ જોડાણ કાપી કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી તો પ્રાંતિજ તાલુકામા આવેલ વિવિધ ગામોમાંથી ૧૦ જગ્યાએથી વીજ ચોરી ઝડપી પાડી હતી જેમા વિજ કંપની દ્વારા પ્રાંતિજ અને તાલુકામાંથી કુલ-૩,૫૦,૦૦૦ ની વીજચોરી ઝડપાઈ હોવાનુ પ્રાંતિજ વિજકંપનીના એન્જીનીયર શૈલેષભાઈ યાદવ દ્વારા ટેલીફોનીક પુછતા જણાવ્યુ હતુ તો ત્યારે પ્રાંતિજ-હિંમતનગર વિજ કંપની દ્વારા વહેલી સવારે હમરા હમરા ઉપરા છાપરી વિજચેકિંગ હાથ ધરાતા વીજ ચોરી કરતા લોકો મા ભંય નો માહોલ જોવા મલ્યો છે .

# સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતીની પાલનપુરમાં શ્રદ્ધાભેર ઉજવણી

## દિલ્હી ગેટ સ્થિત સ્વામીજીની પ્રતિમાને સુશોભન દેશભક્તિના શોર્ય ગીતોનું પ્રસારણ કરાયું

પાલનપુર તા.૧૩

હિંદુ સનાતન ધર્મના પ્રખર વિદ્વાન યુગપુરુષ એવા સ્વામી વિવેકાનંદજીની આજે તારીખ ૧૨ જાન્યુઆરી ૨૦૨૨ ના રોજ ૧૫૯



મી જન્મ જયંતીની દેશભરમાં ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી છે તે સંદર્ભે બનાસકાંઠા જિલ્લાના પાટનગર પાલનપુર ખાતે દિલ્હીગેટ ચોકમાં સ્વામી વિવેકાનંદની પ્રતિમાને વિવેકાનંદ કેન્દ્ર પાલનપુર ના સ્થાપક ગણપતભાઈ કે જોશી પૂર્વ યાત્રાધામ વિકાસ બોર્ડ ડાયરેક્ટર અને તેમની ટીમના સ્વયંસેવકો સાથે પાલનપુર નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી હેતલ રાવલ જિલ્લા ભાજપના પદાધિકારીઓ અને શહેર ભાજપના પદાધિકારીઓ સાથે સ્વામીજીના આદેશોને અનુસરનારા પાલનપુરના યુવાનો આજે સ્વામીજીની પ્રતિમા પાસે ફોટા કેસરિયો ધ્વજ લહેરાવા હેમાંગ જોશી હર્ષિલ જોશી જીગ્નેશ ઠાકોર અશ્વિન પ્રજાપતિ બીપી પેન્ટ હરેશ જી જોષી વિશાલ ગોહીલ સાથે સ્વામી વિવેકાનંદ. અમર રહો ના નારા લગાવ્યા હતા.

પાલનપુરમાં સ્વામી વિવેકાનંદ કેન્દ્રની સ્થાપનાને આ વર્ષે ૫૦ વર્ષ પૂર્ણ થતાં રજત જયંતિ ની ઉજવણી કરવામાં આવશે આ અંગે ઊ જાણકારી આપતા સ્વામી વિવેકાનંદ કેન્દ્ર ના પ્રમુખ પ્રમુખ ગણપતભાઈ જોશીએ જણાવ્યું હતું કે સ્વામીજીના આદર્શોને જીવનમાં ઉતારવા યુવાનોને અનુરોધ કર્યો હતો સ્વામી વિવેકાનંદ ના પુસ્તકો નું વાંચન કરવા યુવાનો ને અનુરોધ કર્યો હતો. દિવસ દરમિયાન દેશભક્તિ ના ગીતો નો પ્રસાર ણ કરવામાં આવ્યું હતું. બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક નવા વરાયેલા ચેરમેન શ્રી અણદાભાઈ પટેલે. વિવેકાનંદ કેન્દ્ર ના પ્રમુખ ગણપત ભાઈ જોષી અને તેમની ટીમને અભિનંદન આપી શુભકામનાઓ પાઠવી હતી.

# પ્રાંતિજના પલ્લાચર ખાતે લોક ડાયરો યોજાયો

**શકુંત વિવિધ લક્ષી ચેરીટેબલ ટ્રસ્ટ અમીનપુર દ્વારા કાર્યક્રમ યોજાયો : દેશ ભક્તિના ગીતો અને શૌર્ય ગીતો સાંસ્કૃતિક લોક ડાયરો યોજાયો : ટ્રસ્ટના પ્રમુખ, પલ્લાચર સરપંચ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા**





પ્રાંતિજ તા.૧૩

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના પલ્લાચર ગામે લોક ડાયરો યોજાયો. શકુંત વિવિધ લક્ષી ચેરીટેબલ ટ્રસ્ટ અમીનપુર દ્વારા આયોજીત પલ્લાચર ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત દેશ ભક્તિ ના ગીતો અને શૌર્ય ગીતીનો સાંસ્કૃતિક લોક ડાયરો યોજાયો હતો જેમા શકુંત વિવિધ લક્ષી ચેરીટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ બિપીનભાઈ પટેલ, ઉપપ્રમુખ નટવરભાઈ, પલ્લાચર સરપંચ વિરભદ્રસિંહ રાઠોડ, ડેલિગેટ રાજુભાઈ પટેલ સહિત આગેવાનો ઉપસ્થિત રહીને દીપ પ્રાગટય કરી કાર્યક્રમ ને ખુલ્લો મુકયો હતો.

# ટચુકડી જાહેર ખબર

દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**રક્તદાન મહાદાન**

# ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ધનસુરા શાખાના ઉપક્રમે કીટનું વિતરણ કરાયું

ધનસુરા,તા. ૧૩

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ધનસુરા શાખા ના ઉપક્રમે જરૂરી ચીજવસ્તુ ઓની કીટનું વિતરણ કરાયું હતું.અરવલ્લી જિલ્લા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના ચેરમેન ભરતભાઈ પરમાર તથા ધનસુરા તાલુકા ના ચેરમેન મનસુખભાઈ ભગત ના માર્ગદર્શન હેઠળ આ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું આ કીટ નું વિતરણ બુટાલ,વડાગામ અને ધનસુરા ગર્લ્સ હાઈસ્કૂલમાં કરવામાં આવ્યું હતું જેમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ધનસુરા ના ઉપપ્રમુખ ગોવિંદભાઈ.એસ.પટેલ મંત્રી લલિતચંદ્ર બુટાલા પેન્શનર મંડળના પ્રમુખ હસમુખભાઈ.એમ.પટેલ તેમજ ભરતભાઈ ઠુમ્મર ધનસુરા ગર્લ્સ હાઈસ્કૂલના આચાર્ય દક્ષાબેન



પટેલ હાજર રહ્યા હતા.તેમજ વડાગામ શ્રેયસ વિદ્યાલય ખાતે પણ રેડક્રોસ સોસાયટી દ્વારા આ કીટ નું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં આચાર્ય ગુણવંતસિંહ ચંપાવત હાજર રહ્યા હતા.

# ધંબોલિયા ગ્રુપ ગ્રામ પંચાયતના ડે.સરપંચ પદે સતત પાંચમીવાર સર્વાનુમતે બિનહરીફ વરણી



ભિલોડા,તા.૧૩

ભિલોડા તાલુકાના ધંબોલિયા ગામની ધંબોલિયા ગ્રુપ ગ્રામ પંચાયતમાં સતત પાંચમીવાર ડે. સરપંચ પદે ઈન્દ્રજીતસિંહ અમરસિંહ રાઠોડ સેવાભાવી (એડવોકેટ) (નોટરી) ભિલોડાની સર્વાનુમતે બિનહરીફ વરણી કરાતા આનંદની લાગણી પ્રસરી છે. અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકાના રાજકીય, સહકારી આગેવાનો, એડવોકેટો, ગ્રામજનો સહિત સગાં-સંબંધીઓએ ફુલહાર પહેરાવી અબીલ - ગુલાલથી વધાવ્યા હતા.

### ખાતરમાં જંગી ભાવ વધારાના મામલે....

# ડીસામાં આમ આદમી પાર્ટી દ્વારા નાયબ કલેકટરને આવેદન પત્ર અપાયું

ડીસા, તા.૧૩

ખાતરના અસહ્ય ભાવ



વધારા મામલે આ ભાવ વધારો પાછો ખેંચવા માટે આમ આદમી પાર્ટી દ્વારા ડીસાના નાયબ કલેકટરને આવેદન પત્ર પાઠવી રજુઆત કરવામાં આવી હતી.

છેલ્લા બે વર્ષથી કોરોના મહામારી, મંદી અને માવઠા જેવી કુદરતી આપતિના પગલે ખેડૂતોની હાલત કફોડી બની જવા પામી છે. ત્યારે આવા કપરા સમયે ખાતરની કમ્પનીઓ દ્વારા ખાતરના ૬૦ થી ૭૦ ટકાનો અસહ્ય વધારો ઝિંકી દેવામાં આવતા ખેડૂતોની હાલત કફોડી બની જવા પામી છે ત્યારે ડીસામાં બુધવારે આમ આદમી પાર્ટી દ્વારા આ ભાવ વધારો પરત ખેંચી લેવા તેમજ ખેડૂતો ઉપર વધારાનો બોજ અટકાવવા માટે નાયબ કલેકટરને આવેદન પત્ર આપી ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી.

# ભિલોડા-મેઘરજ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય અને તેઓના ધર્મ પત્ની કોરોના પોઝીટીવ

ભિલોડા,તા.૧૩

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં કોરોના વાઈરસની મહામારી દરમ્યાન બીજી લહેર ધાતક પુરવાર થયા બાદ હવે ત્રીજી લહેર તેજ ગતિએ આગળ વધતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.કોરોના વાઈરસનું સંક્રમણ વધતા ચિંતા નો વિષય છે.આરોગ્ય તંત્રના જવાબદાર અધિકારીઓની દોડધામ વધી છે.

ભિલોડા તાલુકાના ચુનાખાણ ગામના રહેવાસી ભિલોડા - મેઘરજ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય ડો.અનિલભાઈ જોષીયારા અને તેઓના ધર્મ પત્ની યમુનાબેન જોષીયારા કોરોના વાઈરસથી સંક્રમીત થયેલ છે.